અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૬૨૫-૬૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૩૦/૦૭/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:-ધોરણ-૧૨ના પ્રશ્નપત્ર પરિરૂપ બાબત.

સંદર્ભ:-૧. અત્રેની કચેરીનો તા.૦૪/૦૨/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૭૭૪-૮૧૨.
૨. અત્રેની કચેરીનો તા.૦૪/૦૬/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૦૪૬-૮૦.
૩. અત્રેની કચેરીનો તા.૧૩/૦૬/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૧૪૨-૭૬.
૪. અત્રેની કચેરીનો તા.૨૬/૦૬/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૨૩૯-૭૭.
૫. ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ ખાતે તા.૨૬/૦૭/૨૦૧૯ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિમાં કરવામાં આવેલ નિર્ણય અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-(૧) દર્શિત અત્રેની કચેરીના પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી અમલમાં આવનાર ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા પદ્ધતિ અંગે જરૂરી વિગતો આપવામાં આવેલ હતી. સંદર્ભ-(૨) થી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ તેમજ સંદર્ભ-(૩) થી ધોરણ-૧૨ના ગુજરાતી (પ્રથમ અને દ્વિતીય ભાષા), હિન્દી (પ્રથમ અને દ્વિતીય ભાષા), અંગ્રેજી (પ્રથમ અને દ્વિતીય ભાષા) તથા સંસ્કૃત વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ અત્રેથી જાણ તથા અમલ સારું આપને મોકલવામાં આવેલ હતા.

સરકારશ્રી દ્વારા મળેલ આદેશ અન્વયે સંદર્ભ-(૪) દર્શિત અત્રેના પત્રથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં માર્ચ-૨૦૧૯ની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની જેમ જ ૫૦% (MCQ) OMR પદ્ધતિ અને ૫૦% થિયરી (સબ્જેક્ટિવ) પ્રકારના પ્રશ્નો પ્રમાણે પરીક્ષા પદ્ધતિનો અમલ કરવામાં આવશે તેમ જણાવેલ છે.

ઉક્ત તમામ બાબતો ધ્યાને લેતાં તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે તા.૨૬/૦૭/૨૦૧૯ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિમાં કરવામાં આવેલ નિર્ણય અન્વયે ધોરણ-૧૨ના પ્રશ્નપત્ર પરિરૂપ બાબતે નીચે મુજબની વિગતો જાણ તથા અમલ સારું મોકલવામાં આવે છે:-

૧. સંદર્ભ-(૩) થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરેલ ધોરણ-૧૨ના ગુજરાતી (પ્રથમ અને દ્વિતીય ભાષા), હિન્દી (પ્રથમ અને દ્વિતીય ભાષા), અંગ્રેજી (પ્રથમ અને દ્વિતીય ભાષા) તથા સંસ્કૃત વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ



Scanned by CamScanner

સિવાયના તમામ પ્રવાહ એટલે કે સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ તેમજ વ્યવસાયલક્ષી પ્રવાહમાં જુન-૨૦૧૯થી કરવાનો રહેશે.

૨. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ગુજરાતી (પ્રથમ અને દ્વિતીય ભાષા), હિન્દી (દ્વિતીય ભાષા), અંગ્રેજી (દ્વિતીય ભાષા) તથા સંસ્કૃત વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ માર્ચ-૨૦૧૯ની પરીક્ષા પદ્ધતિ મુજબના જ રહેશે, જે અત્રેના તા.૧૩/૦૭/૨૦૧૭ના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૧૧૦૫૬થી તમામ શાળાઓને જાણ તથા અમલ સારું પ્રસિદ્ધ કરેલ છે.

૩. ધોરણ-૧૨ તમામ પ્રવાહ માટે કમ્પ્યુટર અધ્યયન વિષયમાં માર્ચ-૨૦૧૯માં લેવાયેલ ધોરણ-૧૨ ની પરીક્ષા પદ્ધતિ મુજબના પ્રશ્નપત્ર પરિરૂપ પ્રમાણે અમલ ચાલુ રહેશે.

૪. સરકારશ્રીના આદેશ અન્વયે જુન-૨૦૧૯થી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, અંગ્રેજી (પ્રથમ ભાષા) અને હિન્દી (પ્રથમ ભાષા)ના વિષયોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ થયેલ હોઈ તેમજ પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર થયેલ હોઈ ઉક્ત વિષયોના ૫૦% (MCQ) OMR પદ્ધતિ અને ૫૦% થિયરી (સબ્જેક્ટિવ) પ્રકારના પ્રશ્નો મુજબના પ્રશ્નપત્ર પરિરૂપ બોર્ડ દ્વારા હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉક્ત તમામ વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામક પરીક્ષા(વિ.પ્ર./સા.પ્ર.), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

પ્રતિ,
આચાર્યશ્રીઓ,
સુરત શહેર અને ગ્રામ્યની તમામ શાળાઓ
૨/- જાણ તથા અમલ કરવા સારુ

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિલ્લો, સુરત.

E:\PC DATA\Desktop\પરિપત્ર-ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ-સરકારશ્રી.docx

Scanned by CamScanner